# ચિત્રાક્ષરી ૧૫



જાણ્યે અજાણ્યે મારી સાથે એ ખાસ ચાલે છે
જેમની કૃપાથી જ મારો આ શ્વાસ ચાલે છે
ધડકન પણ એની અને ધબકાર પણ એના
એના વિશ્વાસે મનમાં ખુશીઓનો રાસ ચાલે છે
'દિવ્યતા'
11/26/2016




કોક કોક વાર આઘો પાછો થાય છે;
બાકી તો હંમેશ એ મારી પાસ ચાલે છે!
મહેન્દ્ર શાહ



મને નથી લાગતું કે આ ટ્રાફીક જામમાં આપણે લગ્નમાં સમયસર પહોંચી શકીશું છુ કે કેમ...,

**At this rate, we will be lucky if we make it to the baby shower!**




લગ્નની મળે કંકોતરી ત્યાં;
સીમંતમાં માંડ જવાય છે!
Posted: Rohit Patel/ Bipin Doshi

સીમંત સમયે પણ પહોંચે તો નસીબદાર સમજો એમને;
બાકી જવાવાળા ઘણા તો આજકાલ ટ્રાફિકમાં ફસાય છે!
મહેન્દ્ર શાહ



કોણ આવશે પ્રસંગમાં ? કોણ મને અડશે ? કોણ કેટલું રડશે?
એ સમયે જો હું જ નહિ હોઉં, તો યાર મને ખબર કેમ પડશે?

Posted: Bhavesh Gangar

---

એટલે ત્યાં મારી હાજરી તો હોવી જ હોવી જોઇએ;
ને કોણ કોણ આવેલ એની નોંધ થવી જોઇએ!
મને પણ ખબર તો પડે, મારે કોના બેસણામાં જવું કે કોનામાં ના જવું!
મહેન્દ્ર શાહ

---




ચાલો..., ઉભા થાવ. આપણે એમના બેસણામાં
નહીં જઈએ, તો એ થોડા આપણામાં આવશે?

તારા દિલના ન્યુઝપેપરમાં હાઈલાઈટ થઇ ચમકવા ;
કેટલાય નાના મોટા છબરડાઓ પણ કર્યાં છે મેં !
"દિવ્યતા "



---

ન્યુઝપેપરના છબરડાની તો વાત જ જવા દો, મગજની અસ્થિરતાને લીધે ખોવાયેલ ચીંથરેહાલના તથા સ્વદેશાગમનની શ્રી પીસ સુટમાં જાહેરાતો આપતા ફોટા છાપામાં સ્વીચ થતા જોયા છે મેં!

મહેન્દ્ર શાહ



સ્વદેશાગમન — મગજની અસ્થિરતાને લીધે ગુમ થયા છે.





વાંચનાર હોય તો લખાણ મૂલવાય છે.
નહીં તો બસ કોરા પાના જ ભરાય છે.
-મધુકાન્તા પંચાલ

વંચાય ને સમજ પડે, તો આગળ વધાય ને મૂલવવાની વાત થાય ને;
ઘણા આગળ તો એવું લાગે, જાણે કે ભેંસ આગળ ભાગવત વંચાય છે!
-મહેન્દ્ર શાહ



किसी के प्यार को पा लेना ही
मोहब्बत नहीं होती है।
किसी के दूर रहने पर उस को पल पल याद
करना भी मोहब्बत है ॥
Maya Raval



આજે તો સાકી, શરાબનો  સમુદ્ર તું છલકાવી દે;
તરાપો  મારી જિંદગીનો એમાં તું  સરકાવી  દે.
નટવર મહેતા

ભાષાનો બાદ નથી, ઇંગ્લીશ ના હોય તો દેશી
મારી જિંદગીમાં આવી બસ પ્રેમથી પીવડાવી દે!
મહેન્દ્ર શાહ

On date....




MPS
છોડી ને જાશે બધા તને સાથ સાચો આપનાર પુસ્તક હશે
દિશા ખોટી લોકો બતાવશે રાહ સાચી બતાવનાર પુસ્તક હશે
સંપત્તિ એકઠી કરી ને શાહુકાર બની જઇશ દુનીયામાં મૌન તું
વિચારો થી આ જગત માં સમૃદ્ધ તને બનાવનાર પુસ્તક હશે
વિનોદ ગુસાઇ મૌન










और चाहते है सब, एक छोटा सा रोशन आ जाये घर मे;
रोशनी आती है जब,बेचारी को सब कि सुननी पड़ती हैं!
महेन्द्र शाह









મહેન્દ્ર શાહ : mahendraaruna1@gmail.com